ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2452/08/2024** **તા.09.08.2024**

**પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પ્રેસ કોન્ફરન્સને સંબોધી .**

----

**હર ઘર તિરંગા અભિયાનને રાજ્યભરમા ઘર ઘર સુધી પહોંચાડવાનો પ્રયાસ ભારતીય જનતા પાર્ટી કરશે.**

----

**આ વખતે સરકાર અને પાર્ટી સાથે મળીને 50 લાખ જેટલા ધ્વજ કાર્યકર્તાઓ, કર્મચારીઓ સહિત દરેક વ્યકિતના ઘરે ધ્વજ ફરકે તેની વ્યવસ્થા કરી છે. – શ્રી ગોરધનભાઇ ઝડફીયા**

----

**તારીખ 10 થી 15 ઓગષ્ટ સુધી અંદાજે 2 થી 3 કિમી સુધી તિરંગા યાત્રા મહાનગરોમા તેમજ 585 મંડળ કેન્દ્ર પર યોજાશે. – શ્રી ગોરધનભાઇ ઝડફીયા**

----

**તારીખ 10 ઓગષ્ટના રોજ રાજકોટ ખાતે તિરંગા યાત્રા કેન્દ્રના આરોગ્ય મંત્રી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીની ઉપસ્થિતિમા તેમજ તારીખ 11 ઓગષ્ટ સુરત ખાતે કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતમા યોજાશે. – શ્રી ગોરધનભાઇ ઝડફીયા**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. આ પ્રેસ કોન્ફરન્સમા પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશના સહ પ્રવકતા શ્રી હિતેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો.પ્રશાંત કોરાટ,પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી ઝુબિનભાઇ આશરા ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ જણાવ્યું હતું કે, હર ઘર તિરંગા અભિયાનને રાજ્યભરમા ઘર ઘર સુધી પહોંચાડવાનો પ્રયાસ ભારતીય જનતા પાર્ટી કરશે, દર વર્ષે 15મી ઓગષ્ટ અને 26મી જાન્યુઆરીના રોજ ધ્વજ ફરકાવી વિર શહિદોને શ્રદ્ધાજંલી અર્પણ કરતા હોય છે. દેશના રાષ્ટ્રીય પર્વમા જન જનની ભાગીદારી સામેલ થાય, દેશનો દરેક વ્યકિત રાષ્ટ્ર પર્વની ઉજવણી કરે તેવો પ્રયાસ છે. આ પ્રયાસ માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ધ્વજ ફરકાવવાના નિયમમા થોડા સુધારા કરીને દેશનો કઇ પણ નાગરીક ધ્વજ લહેરાવી શકે જેથી રાષ્ટ્રભાવના વધતી રહે તે કારણે આ કામ કર્યુ હતું. ભાજપ તો નીમિત છે, દરેક વ્યક્તિના ઘરે રાષ્ટ્ર ધ્વજ ફરકે અને આ અભિયાનમા વધુ લોકો જોડાય તેવો પ્રયાસ કરી રહ્યા છે.

શ્રી ગોરધનભાઇએ વધુમા જણાવ્યું કે, દર વર્ષની જેમ આ વખતે પણ સરકાર અને પાર્ટી મળીને 50 લાખ ધ્વજ કાર્યકર્તાઓ,કર્મચારીઓ સહિત દરેક વ્યકિતના ઘરે ધ્વજ ફરકે તેની વ્યવસ્થા કરી છે. ધ્વજ આપવાની વિતરણ વ્યવસ્થા શરૂ કરી છે. તારીખ 10 થી 15 ઓગષ્ટ સુધી તિરંગા યાત્રા મહાનગરોમા તેમજ 585 મંડળ કેન્દ્ર પર યોજાશે. રાજકોટમા તારીખ 10 ઓગષ્ટના રોજ યોજાનાર યાત્રાનુ નેતૃત્વ આપણા કેન્દ્રના આરોગ્ય મંત્રી તેમજ રાષ્ટ્રીય પ્રમુખશ્રી જે.પી.નડ્ડાજી સહિત પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. 11 તારીખ સુરત ખાતે કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતમા તિંરગા યાત્રા યોજાશે, 12 તારીખે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ ગૃહરાજયમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમા વડોદરા ખાતે યોજાશે તેમજ 13 તારીખ અમદાવાદ ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમા યાત્રા યોજાશે. તિરંગા યાત્રામા મોટી સંખ્યામા જન સંખ્યા,પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે જેમા ડિ.જે,ઠોલ નગારા સાથે યાત્રા નિકળી લોકોમા રાષ્ટ્ર પ્રત્યે જાગૃતિ વધે તે માટે પ્રયાસ કરશે. આ યાત્રામા મંડળ સ્થળનુ નેતૃત્વ ધારાસભ્યશ્રીઓ કરશે જે મંડળમા ધારાસભ્ય ન હોય ત્યા પાર્ટીના પદાધિકારીઓ યાત્રાનુ નેતૃત્વ કરશે. તિરંગા યાત્રા 2 થી 3 કિમી સુધીની રહેશે.

શ્રી ગોરધનભાઇએ વધુમા જણાવ્યું કે, તિરંગા યાત્રામા વધુમા વધુ યુવાનો ભાગ લે તે માટે કોલેજ, યુનિવર્સિટીના કેમ્પસથી વિદ્યાર્થીઓને ધ્વજ મળે તે માટે યુવા મોરચાના કાર્યકર્તાઓએ વ્યવસ્થા કરી છે. 14 તારીખે વિભાજનની સ્મૃતિ દિવસ યોજાશે આ દિવસે 41 સ્થળોએ વક્તવ્ય પણ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


આઝાદી કા અમૃત મહોત્સવ

કરવામા આવશે તેમજ પ્રદર્શની જીલ્લા સ્તરે યોજવામા આવશે. કોંગ્રેસ પર આક્ષેપ કરતા જણાવ્યું કે, **1990**વર્ષમા કોગ્રેસની સરકારમા અઢી લાખ કાશ્મીરો પર અત્યાચાર ગુજારી ભગાડી દીધા તેની પણપીડા છે અને આજે બાંગ્લાદેશમા સત્તા પરિવર્તન થયુ તેની પણ પીડા છે આના માટે કોંગ્રેસના નેતા ન્યાય યાત્ર નહી કરે. અમે અપીલ કરીએ છીએ કે આ માત્ર ભારતીય જનતા પાર્ટીનો કાર્યક્રમ નથી,દરેક લોકો તેમના ઘરે તિરંગો ફરકાવે તેવી વિનતી.



ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)